# દાવલી ગામે લીમડાના ઝાડમાંથી સફેદ પ્રવાહીને લોકોએ શ્રધ્ધા સાથે જોડતાં બુધ્ધીજીવી આશ્ચર્ય


(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના સરહદ પર આવેલા દાવલી ગામમાં ત્રણ દિવસ પહેલા એક પરિવારના ઘર નજીક આવેલા લીમડાના વૃક્ષની ટોચ પરથી સફેદ ફીણ વાળુ પ્રવાહી નીકળતાં અને જોગાનુજોગ એ દિવસે મહાશિવરાત્રિ પર્વ હોવાના કારણે આ વાત ગામમાં અને આજુબાજુના ગામડાઓમાં વાયુવેગે પ્રસરતા આ સ્થળે લોકોના ટોળેટોળા ઉમટયા હતા અને લોકોએ કુદરતી ઘટનાને શ્રધ્ધા સાથે જોડતાં બુધ્ધીજીવી લોકોમાં આશ્ચર્ય સર્જાયું હતું.

દાવલી ગામના રહીશ અવીખાજી કેશાજી ખાંટના રહેણાંક નજીક વર્ષોથી એક લીમડાનું વૃક્ષ છે. મહાશિવરાત્રીના પર્વે લીમડાના ઝાડમાં વૃક્ષોમાં જોવા મળતી રાસાયણીક પ્રક્રિયાઓ અંતર્ગત ઝાડમાંથી સફેદ ફીણવાળુ પ્રવાહી નીકળી છેક નીચે થડ સુધી આવી જમીન સુધી વહેંતા આ સફેદ પ્રવાહી પર કોઈ વ્યકિતની નજર પડતાં ઘરના પરિવારના સભ્યોને જાણ કરતાં ખાંટ પરિવારના સભ્યોએ કંકુ ચાંદલા કરતા અને આ આખી ઘટનાની વાત વાયુવેગે ગામમાં અને આજુબાજુ પ્રસરતા ગામડાના લોકોએ પણ લીમડાના વૃક્ષમાં થડમાં ભગવાનનો ચમત્કાર સમજી કંકુના ચાંદલા કરી છાંટા નાંખી અગરબત્તીઓ સળગાવી શ્રધ્ધાથી નમન કરી શંકર ભગવાનના જયકારા કરતા નજરે ચઢતા હતા. આ ઘટનાથી હજુ પણ લોકો અંધશ્રધ્ધાના મુખમાંથી બહાર નથી આવ્યા. આ ઘટનાથી અરવલ્લી જિલ્લામાં આશ્ચર્ય સર્જાયું છે. ત્યારે કેટલાક બુધ્ધીજીવી લોકો આવા ઝાડમાં જોવા મળતી રાસાયણિક પ્રક્રિયાથી ઉત્પન્ન થતા સફેદ પ્રવાહીને શ્રધ્ધા સાથે જોડી ભગવાનનો આવિશ્કાર ગણી આ સ્થળે લોકો મુલાકાત લેતા હોવાથી તત્વચિંતકો ચિંતિંત બની આશ્ચર્ય સાથે ક્ષોભની લાગણી અનુભવતા હોવાનું જાણવા મળી રહ્યું છે.

# પ્રાંતિજમાં તસ્કરોનો તરખાટ

## એક જ રાતમાં તસ્કરોએ મંદિર, મકાન અને દૂધની ડેરીના તાળા તોડ્યા

પ્રાંતિજ, તા. ૨૧

પ્રાંતિજ તાલુકામાં તસ્કરોનો ભારે તરખાટ દેખાઈ રહ્યો છે. બેફામ બનેલા તસ્કરોએ એક જ રાતમાં બે મંદિર, મકાન અને દૂધની ડેરીના તાળા તોડી અંદાજે ૩૫ હજારની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. તસ્કરો એક પછી એક ચોરીઓને અંજામ આપી પોલીસને પડકાર ફેંકી રહ્યા છે. તેમ છતાં પોલીસ મુંગા મોઢે તમાસો જોઈ રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા બે-ત્રણ દિવસથી તસ્કરો બેફામ બન્યા છે. અને એક પછી એક ચોરીઓ કરી રહ્યા છે. બે દિવસ અગાઉ જ ઘડકણ ગામમાં ૨.૯૦ લાખની ચોરી થઈ હતી જ્યારે ગત રોજ ફરી તસ્કરો હરકતમાં આવ્યા હતા અને કામનાથદેવ મંદિર, ફુલબાઈ મંદિર, દૂધની ડેરી અને એક મકાનને નિશાન બનાવી તેમાંથી ચાંદીના પાદુકા, દાન પેટી, ઘીની પેટી મળી અંદાજે ૩૫ હજારથી વધુની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ મામલે પોલીસમાં ફરિયાદ કરવામાં આવતા પોલીસે હજુ સુધી કોઈ ફરિયાદ દાખલ કરી નથી. પરિણામે સ્થાનિકોમાં પોલીસ સામે રોષની લાગણી ફેલાઈ છે. અને પોલીસ આળશ ખંખેરી તસ્કરોને ઝડપી પાડે તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

# સ્વાઈન ફલુથી રક્ષણ મેળવવા આયુર્વૈદિક ઉકાળાનું વિતરણ

## આરએસએસની કેશવશાખાના સ્વયંમ સેવકોએ ટાંટીસર-સજાપુરના ૧૫૦૦ વ્યક્તિઓને ઉકાળો પીવડાવ્યો

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લામાં સ્વાઈન ફલુએ ધીમીગતીથી પગપેસારો કરી સમગ્ર જિલ્લાના પ્રજાજનોને આ રોગે ભરડામાં લઈ લેતાં સ્વાઈન ફલુની


(તસવીર : જય અમીન, મોડાસા)

બિમારીથી જિલ્લાના માનવીનો રોજે રોજ ભોગ લઈ રહ્યો હોવાથી જિલ્લાના લોકોમાં ફફડાટ ફેલાયો છે. અરવલ્લી જિલ્લામાં એક માસથી અડીંગો જમાવી છેલ્લા સપ્તાહ દરમિયાન રોજના ૫ થી વધારે સ્વાઈનફલુના પોઝેટીવ કેસ નોંધાય છે. ત્યારે સ્વાઈન ફલુથી બચવા લોકો આયુર્વૈદ ઔષધિનો સહારો લઈ આ બીમારીને ખાળવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

અરવલ્લી જિલ્લામાં આરએસએસના સ્વયંસેવકો હંમેશા જિલ્લાના લોકોની મદદે પહોંચવામાં અગ્રેસર રહે છે. પછી એ માનવીય આફત હોય કે કુદરતી પ્રકોપ હોય રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ લોકોની મદદ માટે તાત્કાલિક હાજર થઈ જાય છે. ત્યારે અત્યારે ભારત દેશ અને ગુજરાત રાજ્યના લોકોને સ્વાઈન ફલુ નામની બીમારીથી ટપોટપ મરી રહ્યા હોવાથી લોકોમાં હાહાકાર મચાવ્યો છે. સ્વાઈન ફલુને આયુર્વૈદિક ચિકિત્સકો ડુકરીયા તાવ તરીકે ઓળખી આવા રોગ સામે આપણા આયુવેદ ચિકિત્સકોએ રક્ષણ મેળવવા વિવિધ ઉકાળાનું સેવન કરવાનું સુચવ્યું હોવાથી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની કેશવશાખાના સ્વયંસેવકોએ આયુર્વેદ અને ભારતીય ચિક્તસકોની પરંપરાને અનુસરીને ઈલાયચી, તજ, લવીંગ, કાળા મરીનો ઉકાળો બનાવી મોડાસા તાલુકાના ટીટીસર-સજાપુરના પ્રજાજનોના ઘરે ઘરે જઈ અંદાજે ૧૫૦૦ થી પણ વધારે લોકોને ઉકાળો પીવડાવી સ્વાઈન ફલુ સામે રક્ષણ મેળવવા અથાગ પ્રયત્નો કર્યા હતા. કેશવશાખાના સ્વયંસેવકોની પ્રસંશનીય કામગીરી માટે બન્ને ગામના લોકોઅ સરાહના કરી આભાર માન્યો હતો.

# ધનસુરા પોલીસની કાર્યવાહિથી વડાગામના બુટલેગરોમાં ફફડાટ

વડાગામ, તા. ૨૧

ગુજરાત રાજ્યમાં દારૂબંધી અમલમાં હોવાથી ગુજરાત રાજ્યના વિસ્તારમાં દારૂનો ધંધો કરવો એ કાયદાકિય ગુન્હો બનતો હોવાથી દારૂનો સપ્લાય કરતા અને વ્યાપાર કરતા બુટલેગરો છાનેછપને ગુજરાત રાજ્યમાં દારૂની રેલમછેલ કરી બેફામ બની પોતાના ખિસ્સા ભરી લોકોની જીંદગી બરબાદ કરી નાખતા હોય છે. ત્યારે અરવલ્લી જીલ્લાના ધનસુરા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.એ. બુટલેગહરોને ઝડપી પાડવા કવાયત હાથ ધરતાં ધનસુરા તાલુકાના પ્રજાજનોમાં આનંદ છવાયો છે.

ધનસુરા તાલુકાના ધનસુરા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. રવજી બારોટે ધનસુરામાં અને વડાગામમાં ખુલ્લેઆમ વિદેશી દારૂ અને દેશી દારૂનો વેપલો કરતા બુટલેગરો સામે લાલ આંખ કરી હવાલત ભેગા કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં વડાગામ નજીક આવેલા છનાપુરમાંથી દલા જેઠાભાઈ ઠાકોરને વિદેશી દારૂની ૪ બોટલો સાથે ૧૬૦૦ના મુદ્દામાલ સાથે વડાગામના પુલના છેડા પાસેથી ઝડપી પાડ્યો હતો. જ્યારે ધનસુરા પોલીસ શિવરાત્રીના દિવસે પેટ્રોલીંગ દરમીયાન બાઈક પર વિદેશી દારૂ અને બિયર લઈ જતા બે શખ્સોને જડપી પાડ્યા હતા. વિદેશી દારૂની ૧૨ બોટલો અને બિયરના ટીન કિ. રૂ. ૧૦૮૦૦ અને બાઈકની કિં રૂ. ૨૦૦૦૦ મળી કુલ રૂ. ૩૦,૮૦૦ ના મુદ્દામાલ જડપી પાડી બાઈકચાલક પોપટસિંહ બાબુસિંહ રાઠોડ (રહે. ભરડીયા તા, તલોદ, જી. સા.કાં.) અને તેજુભાઈ નાનાભાઈ પારધી (રહે. ઠડા. તા. કોટડા, રાજસ્થાન)ને પકડી પ્રોહીબીશન એક્ટના ગુન્હા હેઠળ ગુનો નોંધી હવાલત ભેગા કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરતાં ધનસુરા અને વડાગામના બુયલેગરો હાલ પુરતા ભુગર્ભમાં ઉતરી ગયા છે. જ્યારે ધનસુરા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. રવજી બારોટની કામગીરીને લોકોએ બિરદાવી હતી.

## પાલનપુરમાં ૨૩ થી ૨૮ હસ્તકલા પ્રદર્શન અને વેચાણ મેળો યોજાશે

પાલનપુર, તા. ૨૧

ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત પાલનપુર ખાતે જીલ્લા ઉધોગ કેન્દ્ર દ્વારા હસ્તકલાની આઈટમોનું -દર્શન અને વેચાણમેળો યોજાશે. ગુરુનાનક ચોકમાં આવેલ ડો. આંબેડકર હોલ ખાતે આ -દર્શન કમ વેચાણમેળો તા. ૨૩થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન બપોરે ૧૨-૦૦ થી રાત્રિના ૨૦-૦૦ કલાક સુધી યોજાશે. બનાસકાંઠા જીલ્લાના તમામ નાગરિકોને આ મેળાનો લાભ લેવા જનરલ મેનેજરશ્રી જીલ્લા ઉધોગ કેન્દ્ર પાલનપુર દ્વારા જણાવાયું છે.

# ડીસામાં આવેલી રાજપુર પ્રાથમિક સ્કૂલ નં-૧ના સંકુલમાં ધોરણ-૭ની વિદ્યાર્થીનું મોત

ડીસા, તા. ૨૧

ડીસામાં આવેલી રાજપુર -નથમિક સ્કુલ નમ્બર ૧- માં આજે વહેલી સવાર ની પાળી માં અભ્યાસ અર્થે આવેલી ધોરણ સાત માં અભ્યાસ કરતી એક કિશોરી રિશેષ સમય દરમ્યાન ઓટલાં પર થી અકસ્માતે પડી જતા તેનું કરુણ મોત થયું હતું, આ મામલે ડીસા દક્ષિણ પોલીસે બાળકી ની લાશ નો કબજો


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

સંભાળી તેનું પી.એમ. કરાવેલ છે ,બાળકી નાં અકસ્માતે થયેલા મોત થી સમગ્ર શાળા સ્કુલ સ્ટાફ શોક માં ગરકાવ થયેલ છે.

બનાસકાંઠાના ડીસામાં આજે બનેલી એક કરુણાંતિકામાં અકસમાત માં પડી જવાથી એક માસુમ કિશોરી નાં મોત ની ધટના -કાશમાં આવેલી છે , જેમાં ડીસા રાજપુર સ્કુલ નમ્બર -૧ માં અભ્યાસ કરતી રીન્કુ રમેશભાઈ માળી ઉમર વર્ષ- ૧૨ આજે રાબેત મુજબ સ્કુલ માં અભ્યાસ અર્થે ગઈ હતી, જોકે રિશેષ સમય દરમ્યાન સ્કુલ માં આવેલા એક ઓટલાં પર થી અકસ્માતે પડી જતા તે બેહોશ બની હતી, જે બાદ સ્કુલ આચાર્ય શ્રવણભાઈ અનાવાડીયા અને સ્ટાફે આ બાળકી ને તાબડતોડ -થમ મદની હોસ્પિટલ ડીસા અને તે બાદ ડીસા ની ભણશાળી હોસ્પિટલ માં સારવાર અર્થે ખસેડી હતી, જોકે આ બાળકી ને ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા સ્કુલ આચાર્ય સહીત તમામ શોકમગ્ન બન્યા હતા.

આ બનાવ સ્કુલમાં રિશેષ સમય દરમ્યાન બનેલ છે, અનેકોવાર નાં બનાવો ની વિગતો જોઈએ તો સ્કુલ માં બનતા બનાવો માં આવા અકસ્માતો રિશેષ સમયે જ થતાં હોય છે ,કેમકે, રિશેષ સમયે સ્કુલો ના શિક્ષકો બાળકો ને રામભરોશે છોડી નફિકરા બની જતા હોઈ બાળકો ધીંગા મસ્તી અને ધમાલ મચાવી ,બાળ સહજ સ્વભાવે અકસ્માત સર્જાય તેવી -વૃત્તિ કરતા હોય છે ,જેને યોગ્ય મોનીટરીંગ દ્વારા અટકાવી શકાય છે ત્યારે ખાસ કરીને -નથમિક સ્કુલો માં અઠવાડિયા માં -ત્યેક વર્કિંગ ડે માં કોઈ એક શિક્ષક ની રિશેષ દરમ્યાન શાળા સંકુલ માં દેખરેખ ની જવાબદારી સોપાય તો આવા અકસ્માતો નિવારી શકાય તેમ છે .હાલ નો આ આ અકસ્માત આવીજ બેદરકારી કહી શકાય ,જોકે કિશોરી ના મોત મામલે ડીસા દક્ષિણ પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે ત્યારે મૃતક કિશોરી નો પરિવાર શોકમગ્ન બનેલ છે.

# હિંમતનગરમાં ભૂમિ અધ્યાદેશના વિરોધમાં કોંગ્રેસની રેલી

હિંમતનગર, તા. ૨૧

કેન્દ્ર સરકાર ધ્વારા ભૂમિ અધ્યાદેશ લાગૂ કરાતા જેની અસર ખેડૂતો અને આદિવાસીઓ પર પડશે. જેના વિરોધમાં ગુજરાતભરમાં કોગ્રેસ ધ્વારા શુક્રવારે વિરોધ -દર્શન કરવાનો કાર્યક્રમ આપવામાં આવ્યો હતો જેના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લા કોગ્રેસ અને યુવા કોગ્રેસ ધ્વારા હિંમતનગમાં રેલી કાઢી કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

ભાજપ સરકાર સત્તા સંભાળી છે ત્યારથી દેશમાં કૃષિ આધારીત વ્યવસાયો પર આઘાત પંહોચાડવાનું કામ થઈ રહ્યું છે. ખેડૂતોને ઉપજના પોષણક્ષમ્ય ભાવો મળતા નથી ખેડૂતોને નિયમિત યુરીયા ખાતર અને બિયારણ ન મળતા ખેડૂતો પરેશાન છે. ત્યારે કેન્દ્રની ભાજપ સકારે ભૂમિ સુધાર અને વિકાસના નામ પર ખેડૂત અને આદિવાસીઓની જમીન છીનવી લેવાના -યાસો શરૂ કર્યા હોવાના આક્ષેપો કરી કોગ્રેસે ભાજપની આ નીતિ સામે વિરોધ -દર્શિત કર્યો છે. હિંમતનગર ખાતે જિલ્લા કોગ્રેસ -મુખ ડાહ્યાભાઈ પટેલ, જિલ્લા યુવા કોગ્રેસ -મુખ વનરાવસિંહ રાઠોડ ધારાસભ્ય અશિવનભાઈ કોટવાલ, મહેન્દ્રસિંહ બારૈયાની આગેવાનીમાં રેલી કાઢી કલકટર બંછાનીધી પાનીને આવેદન પત્ર આપી વિરોધ -દર્શિત કર્યો હતો. રેલીમાં કોગ્રેસ અગ્રણી રામભાઈ સોલંકી, રોજેન્દ્રસિંહ કુપાવંત, હેમંત સોની, કાન્તિ ખરાડી, યુસુફભાઈ બચ્ચા, ઈશાક શેખ, જીતુ બંરાડા સહીત યુવા કાર્યકરો મોટી સંખયામાં જોડાયા હતા.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર મુકામે કલેકટર શ્રી દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિ તથા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં સ્વાગતના તથા લોકસંવાદના બાકી -શ્નોનો તાત્કાલીક નિકાલ કરવા કલેકટરશ્રીએ અધિકારીઓને સુચના આપી હતી. ગતિશીલ ગુજરાત અન્વયે મોકલવામાં આવતી માહિતી સમયસર અને નિયત પત્રકોમાં મોકલવા કલેકટરશ્રીએ અધિકારીઓને જણાવ્યું હતું. સ્વાઈન ફલુ અંગે આગોતરા પગલાં લેવા તથા તેના -તિકાર માટે આયુર્વેદીક ઉકાળાનું દરેક જગ્યાએ વિતરણ કરાવવા જણાવ્યું હતું. બેઠકમાં રસ્તા,પાણી, વીજળી, શિક્ષણ, આરોગ્ય વગેરે વિશે ચર્ચા કરવામાં આવી હતી.

## મહેકતો મહેસાણા જિલ્લો સપ્તાહ કાર્યક્રમ યોજાયો

મહેસાણા, તા. ૨૧

રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આપી અભિયાન વેગવંતુ બનાવાયું. સ્વચ્છ ભારત અભિયાનને ગ્રામ્ય કક્ષાએથી એક નવતર કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. અને જિલ્લાના તમામ તલાટીઓએ આ અભિયાનમાં જોડાઈ ગ્રામ્યજનોને સ્વચ્છ તથા સેનિટેશન અંગે સમજ આપનાર છે. ગૃહમંત્રી રજનીભાઈ પટેલ આજે જિલ્લાના પાલોદર ગામે સ્વચ્છ ભારત શ્રેષ્ઠ ભારત અંતર્ગત મહેકતો મહેસાણા જિલ્લો સપ્તાહનો પ્રારંભ કરાયો હતો. અને ઉપસ્થિત સૌ ગ્રામજનોને આ અભિયાનમાં જોડાઈ ઘર, જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવવા અનુરોધ કર્યો હતો. આ સ્વચ્છતા અભિયાન જિલ્લામાંતા. ૨૧-૨-૨૦૧૫થી ૨૮-૨-૨૦૧૫ સુધી ચાલશે. જેમાં રેકર્ડ, વર્ગીકરણ, જુના ફર્નીચરનો નિકાલ તથા સ્વચ્છતા અંગે પ્રસાર પ્રસાર કરવામાં આવશે. અને રાજ્ય સરકારની વિવિધ લોકાઅભિમુખ યોજનાઓની જાણકારી આપવામાં આવશે.

તલાટીઓ ગ્રામજનો સાથે જીવંત સંપર્ક હોય છે. અને તેઓ આંગણવાડી, મિશનમંગલમ્, સખીમંડળ, શૌચાલય, જાગૃતતા, ગ્રામીણ રોજગાર યોજના વગેરેની જાણકારી આપી અને તેનો લાભ લેવા ગ્રામજનોને પ્રોત્સાહિત કરે તે જરૂરી છે. આ પ્રસંગે જિલ્લા સમાર્હતા લોચન સેહરા તથા જિલ્લા વિકાસ અધિકારી નરેન્દ્ર મીનાએ પ્રાસંગીક પ્રવચનમાં શૌચાલય અને સ્વચ્છતા અભિયાનમાં થયેલ કામગીરી જાણકારી આપી હતી.

## અપંગ સેવા ટ્રસ્ટ નુગર દ્વારા રજત જયંતિ મહોત્સવ ઉજવાયો

મહેસાણા, તા. ૨૧

મહેસાણા જિલ્લાના નુગર ખાતે અપંગ સેવા ટ્રસ્ટ નુગર દ્વારા રજત જયંતિ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ સંસ્થાના ટ્રસ્ટની સ્થાપના ૧૯૮૭માં થઈ હતી. ત્યાર બાદ નુગર ગામે ૦૩ એકર જમીન ખરીદવામાં આવી હતી. ૧૯૯૦ સ્કૂલ અને ૧૯૯૯માં અધતન કોમ્પ્યુટર લેબની સ્થાપના કરાઈ હતી. શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો.

જિલ્લાના પ્રભારી અને શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે પ્રત્યેક વિકલાંગમાં ભગવાન નટરાજ બિરાજમાન છે. એટલે જ વિકલાંગની સેવા એટલે ભગવાનની સેવા છે. જેથી વિકલાંગ બાળકોની સેવા એ ઐશ્વરીય કામ છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને આનંદીબહેન પટેલે વર્ષ ૦૧-૦૨માં શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરી હતી. શાળા પ્રવેશોત્સવ પહેલાં બાળકોનો ડ્રોપ આઉટ રેશીયોમાં ૩૭ ટકા હતો જે ઘટીને ૦૭ ટકા થયો છે જ્યારે ૨૦ ટકા રેશીયો ઘટીને ૦૨ ટકા થયો છે. રાજ્યમાં ૭૫ ટકા બાળકોનું નામાંકન થયું હતું. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કળવણીના પરિણામે ૯૯ ટકા થયેલ છે જે ૧૦૦ ટકા તરફના પ્રયાસો સરકાર કરી રહી છે.

સાંસદશ્રી જયશ્રીબેન પટેલે જણાવ્યું હતું કે રાજ્યમાં આ પ્રકારની કામ કરતી સંસ્થાઓ સન્માનને લાયક છે. આ પ્રકારના બાળકોને સમાજ સાથે જોડવાનું આ સંસ્થાએ અનેરૂ કામ કરે છે. સ્વચ્છ ભારત માટે આપણે સૌએ સહિયારા પ્રયાસ કરીને ભારતને તેજ ગતિએ આગળ વધારવાનું છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦